GJBK030016422025

અરજી આવ્યા : તા. ૧૬/૧૦/૨૦૨૫

અરજી દાખલ : તા. ૧૬/૧૦/૨૦૨૫

અરજી ફેસલ : તા. ૨૮/૦૪/૨૦૨૬

સમય ગાળો :- વર્ષ - માસ - દિવસ
૦૦ ૦૬ ૧૨

==========================================================

**વડગામના જ્યુડિશયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ. વડગામ**

==========================================================

**ક્રિમી. પર. અરજ નં. ૧૪૮/૨૦૨૫**

આંક- ૧૪

**અરજદાર :** **રાવળ ગીતાબેન અમરતભાઈ**
ઉ.વ.૪૩, ધંધો- ઘરકામ,
રહે. હડમતીયા, તા. વડગામ, જી.બનાસકાંઠા.

**વિરુધ્ધ**

**સામાવાળા :** **(૧)પ્રિન્સીપાલ શ્રી,** શ્રી બ્રહમાણી વિદ્યાલય
મું. તા. વડગામ, જી.બનાસકાંઠા.
**(૨)પ્રિન્સીપાલ શ્રી,** હડમતીયા પ્રાથમિક શાળા
મું.હડમતીયા, તા. વડગામ, જી.બનાસકાંઠા.

**અરજ :- ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન એકટ, ૧૯૭૪ ની કલમ- ૧૨(એ) કલોઝ- ૩,૬ મુજબ.**

અરજદાર પક્ષે :- વિ.વ.શ્રી પી.બી. ચૌહાણ

સામાવાળા પક્ષે :- જાતે હાજર.

**(૧)** અરજદાર ની અરજી ની ટુંક માં હકીકત એવી છે કે, અરજદાર ઉપર જણાવેલા સરનામે રહે છે અને ઘરકામ કરે છે. અરજદારના પ્રથમ લગ્ન જીવરાજભાઈ રગનાથભાઈ રાવળ, રહે. ચિત્રાસણી, તા. પાલનપુર, જી.

બનાસકાંઠાવાળા સાથે થયેલા અને તેમની સાથેના લગ્ન જીવનથી તેઓને એક પુત્ર નામે જીગરભાઈ જીવરાજભાઈ રાવળ નો જન્મ તા. ૧૯/૨/૨૦૦૧ ના રોજ મોજે ચિત્રાસણ, તા. પાલનપુર મુકામે થયેલ હોઈ અરજદારના પુત્રનું નામ તેના જન્મના દાખલામાં જીગરભાઈ જીવરાજભાઈ રાવળ લખાયેલ છે. અરજદારના પ્રથમ પતિ જીવરાજભાઈ રગનાથભાઈ રાવળ નું અવસાન થવાથી અરજદારે રાવળ અમરતભાઈ રહે. હડમતીયા, તા. વડગામ, જી. બનાસકાંઠાવાળા સાથે પુનઃલગ્ન કરેલા અને અરજદારના પુત્ર જીગરભાઈ નો તેમના બીજા પતિ અમરતભાઈ રાવળે પોતાના પુત્ર તરીકે સ્વીકાર કરેલ હોઈ અરજદારના પુત્રનું નામ શાળા છોડયાની એલ.સી.માં તેમજ શાળા રજીસ્ટરે સોલંકી જિગરભાઈ અમૃતભાઈ નામ લખાયેલ છે. અરજદારના પુત્રએ ધોરણ–૧ થી ૮ સુધીનો અભ્યાસ આ કામના સામાવાળા નં. ૨ ની શાળામાં કરેલ ત્યારબાદ ધોરણ–૯ માં આવતાં વડગામ મુકામે આ કામના સામાવાળા નં. ૧ ની શાળા શ્રી બ્રહમાણી વિદ્યાલયમાં વધુ અભ્યાસ માટે ધોરણ–૯ માં જી.આર.નં. ૨૯૫ થી અભ્યાસ કરેલ છે. અરજદારના પુત્રનું નામ તેના જન્મના દાખલામાં જિગરભાઈ જીવરાજભાઈ રાવળ લખાયેલ છે. તેમજ શાળા છોડયાની એલ.સી.માં, આધારકાર્ડમાં તેમજ ચુંટણીકાર્ડમાં તેમજ બીજા તમામ દસ્તાવેજી પુરાવામાં સોલંકી જિગરભાઈ અમૃતભાઈ લખાયેલ છે. પરંતુ અરજદારના સોગંદનામું કરનાર તથા અરજદારના પતિના તમામ દસ્તાવેજી પુરાવાઓમાં તેમની અટક રાવળ ચાલતી હોઈ શાળા રજીસ્ટરે તેમજ એલ.સી.માં તેમના પુત્રની અટક સોલંકી ની જગ્યાએ રાવળ સુધરાવવા માટે અરજ ગુજારતાં તેઓએ અરજદારના પુત્રની અટક સુધારી આપવા ઈન્કાર કરેલ છે. અરજદારના પુત્રને સરકારી કામકાજોમાં, પાસપોર્ટ કઢાવવામાં એલ.સી. તથા જન્મનો દાખલો વિગેરે દસ્તાવેજી પુરાવા રજુ કરતાં બંન્ને દસ્તાવેજમાં અરજદારના પુત્રની અટક માં ફેરફાર ધ્યાને આવેલ છે. જેથી અટકમાં ફેરફાર હોવાના કારણે આગળ મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે.

સદર કામે શ્રી બ્રહમાણી વિદ્યાલય, વડગામને સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં અરજદારે પુત્રનું નામ સોલંકી જિગરભાઈ અમૃતભાઈ ની જગ્યાએ રાવળ જિગરભાઈ

અમૃતભાઈ લખી આપવા અરજ આપેલ પરંતુ તેઓએ સુધારો કરવાનો ઈન્કાર કરેલ છે. આથી આ કામના સામાવાળાઓ વિરૂધ્ધ અમો અરજદારની એલ.સી.માં અટકમાં ફેરફાર થયેલ હોઈ તે સુધારો કરવા હુકમ મેળવવા હાલની અરજ કરવાની જરૂર પડેલ છે. ઉપરની હકીકત ધ્યાનમાં લેતાં અરજદારના પુત્રના જન્મના દાખલામાં નામ જીગરભાઈ જીવરાજભાઈ રાવળ હોઈ અને એલ.સી.માં અરજદારના પુત્રનું નામ જિગરભાઈ અમૃતભાઈ સોલંકી લખાઈ ગયેલ હોઈ આ કામના સામાવાળા નં. ૧ શ્રી બ્રહમાણી વિદ્યાલય, વડગામ તેમના શાળાના વિદ્યાર્થી રજીસ્ટરમાં સુધારો કરી બાળકનું નામ **સોલંકી જિગરભાઈ અમૃતભાઈ ની જગ્યાએ <u>રાવળ જિગરભાઈ અમૃતભાઈ</u>** ની નોંધ કરે તેવો હુકમ ફરમાવવા તથા નવિન શાળા છોડયાનુ પ્રમાણપત્ર કાઢી આપે તેવો ન્યાયિક હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૨) આ કામે અરજદાર તરફે **આંક–૦૩** થી દસ્તાવેજી લીસ્ટ રજુ કરેલ છે. તેમાં માર્ક–૩/૩ થી સ્કુલ લીંવીગ સર્ટીફીકેટની નકલ તથા માર્ક–૩/૪ થી આધાર કાર્ડ રજુ કરેલ છે. તેમાં અરજદારના પુત્રનું નામ **સોલંકી જિગરભાઈ અમૃતભાઈ** લખાયેલ છે. તથા માર્ક–૩/૭ થી અરજદારે ગેઝેટમાં નામ ફેરફાર કરાવેલ છે તેની નકલ રજુ કરેલ છે. જેમાં જુનુ નામ **સોલંકી જિગરભાઈ અમૃતભાઈ** દર્શાવેલ છે તથા નવું નામ **રાવળ જિગરભાઈ અમૃતભાઈ** લખેલ છે. આ કામે અરજદારના એડવોકેટશ્રીએ આંક –૪ ના દસ્તાવેજ લીસ્ટ થી ગુજરાતી દૈનિક પેપરમાં પ્રસિધ્ધ કરેલ જાહેર નોટીસ ની નકલ આ કામે રજુ કરેલ છે. જે નોટીસ પ્રસિધ્ધી થયા બાદ કોઈએ વાંધો કે તકરાર લીધેલ નથી.

(૩) આ કામે **પંકજકુમાર છનાલાલ ખાનધરા**ને **આંક–૧૧** થી તપાસવામા આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ બ્રાહમણી વિદ્યાલય, વડગામ મુકામે આચાર્ય તરીકે છેલ્લા ૦૧ વર્ષથી ફરજ બજાવે છે. નામદાર કોર્ટના સમન્સના આધારે તેમની શાળાનું અસલ રેકર્ડ આજરોજ

તેમની સાથે લાવેલ છે. તેઓ તેમની સાથે જી. આર. રજીસ્ટ્રાર જોઈને કહે છે. તેઓને ત્યાં જિગરભાઈ અમૃતભાઈ સોલંકી નાઓએ ધોરણ–૦૯, માં તા. ૦૯/૦૬/૨૦૧૪ ના રોજ નવીન વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવેલો અને તેમની જન્મ તા. ૧૪/૦૬/૨૦૦૦ લખેલ છે. જન્મ સ્થળ ચીત્રાસણી, તા. પાલનપુર તથા જાતિ અને પેટા જાતિમાં હીન્દુ, રાવળ લખેલ છે. જેઓના જનરલ રજીસ્ટ્રરમાં નોંધણી ક્રમાંક નં. ૨૯૫ છે. તેમની શાળામાં નવીન પ્રવેશ સમયે અગાઉની શાળાના એલ.સી. ના આધારે પ્રવેશ આપવામાં આવે છે. અને તેનું આધાર કાર્ડની નકલ લેવામાં આવે છે. તેઓ આ. જી.આર. રજીસ્ટર ના નોંધણી ક્રમાંક ૨૯૫ વાળા પેજની અસલ ઉપરથી ખરી નકલ રજુ કરેલ છે. જે આંક–૧૨ થી રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદી **ગીતાબેન અમરતભાઈ રાવળ**નો **આંક–૦૮** થી સોગંદ ઉપર પુરાવો નોંધાયેલ છે તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ હડમતીયા મુકામે પરીવાર સાથે રહે છે. તેઓએ ધોરણ–૬ સુધી અભ્યાસ કરેલ છે અને હાલમાં તેઓ ઘરકામ કરે છે. તેમને કુલ ત્રણ સંતાનો છે. તેમાંથી સૌથી કોટો જીગરભાઈએ ધોરણ–૯ સુધી અભ્યાસ કરેલ છે. તેમના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં શરતચુકથી જિગરભાઈ અમૃતભાઈ સોલંકી લખાયેલ છે. પરંતુ તેમનું સાચુ નામ જિગરભાઈ અમૃતભાઈ રાવળ છે. જે મુજબનો સુારો કરવા માટે તેઓએ નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તેઓએ રજુ કરેલ ગેઝેટમાં તેમના દિકરાનું સાચુ નામ જિગરભાઈ અમૃતભાઈ રાવળ દર્શાવેલ છે. તેમના દિકરાને પાસપોર્ટ કઢાવવા તકલીફ પડતી હોય સદર અરજી દાખલ કરેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષના સાહેદ **વીરભણભાઈ રત્નાભાઈ રાવળ**ને **આંક–૦૯** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ હડમતીયા મુકામે તેમના પરીવાર સાથે રહે છે. આ કામના અરજદાર તેમના

ભાઈના દિકરાની પત્ની થાય છે, તેમને કુલ ત્રણ સંતાનો છે. તેમાંથી સૌથી કોટો જીગરભાઈએ ધોરણ–૯ સુધી અભ્યાસ કરેલ છે. તેમના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં શરતચુકથી જિગરભાઈ અમૃતભાઈ સોલંકી લખાયેલ છે. પરંતુ તેમનું સાચુ નામ જિગરભાઈ અમૃતભાઈ રાવળ છે. જે મુજબનો સુારો કરવા માટે તેઓએ નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તેઓએ રજુ કરેલ ગેઝેટમાં તેમના દિકરાનું સાચુ નામ જિગરભાઈ અમૃતભાઈ રાવળ દર્શાવેલ છે. તેમના દિકરાને પાસપોર્ટ કઢાવવા તકલીફ પડતી હોય સદર અરજી દાખલ કરેલ છે.

આમ, ઉપરોકત તમામ દસ્તાવેજો તથા પુરાવો વંચાણે લેતા અરજદાર ના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટના કોલમ નં. ૧ માં વિદ્યાર્થીનું નામ સોલંકી જિગરભાઈ અમૃતભાઈ જે લખાયેલ છે, તે શરતચુક થી લખાયેલાનું જણાવેલ છે. અરજદારે રજુ કરેલ જન્મના પ્રમાણપત્રમાં તથા ગેઝેટમાં અરજદારનું ખરુ નામ રાવળ જિગરભાઈ અમૃતભાઈ દર્શાવેલ છે. તે મુજબ સુધારો કરવો યોગ્ય જણાઈ આવે છે .

(૫) આમ આ કામે અરજદાર ના શાળા છોડયા ના પ્રમાણપત્રમાં જયાં વિદ્યાર્થીનું નામ:– સોલંકી જિગરભાઈ અમૃતભાઈ લખાયેલ છે તેમાં સુધારો કરી, અરજદારનું નામ :– રાવળ જિગરભાઈ અમૃતભાઈ લખવા મુજબ સુધારો કરવા માટેની અને આ અરજી સંદર્ભે હકુમત ના મુદદે જોવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ એ Thakore Nilesh Shishirbhai vs Gujarat Secondary Education ના કેસ માં સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ માં ફેરફાર /સુધારો કરવાનો નિર્દેષ મેળવવા દાખલ કરેલ પીટીશન ના કામે the Gujarat Secondary Education Regulations,1974 Clause 4 of Regulation 12(A) નુ અર્થ ઘટન કરી હકુમત ધરાવતા જયુડીશ્યિલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ ને આવા કીસ્સા માં વિગતવાર ની તપાસ કરવાના તથા સુધારો કરવા સર્ટીફીકેટ ઈસ્યુ કરવાના અધિકાર

રહેલાનુ ઠરાવેલ છે આમ આ અરજી સાંભળવાના તથા નિર્ણીત કરવાના આ કોર્ટને અધિકાર રહેલ છે હવે અરજદાર તરફે રજુ પુરાવા ની તુલના કરવામાં આવે તો, અરજદારનું સાચુ નામ હોઈ તે મુજબ શાળાના રેકર્ડમાં સુધારો કરવાનો હુકમ કરવો ન્યાયિક તથા ઉચિત જણાતું હોઈ અને અરજદાર ની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોઈ નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : હુ ક મ :–**

૧) અરજદાર ની અરજી '' મંજુર'' કરવામાં આવે છે.

૨) આ કામના સામાવાળા પ્રિન્સીપાલશ્રી, શ્રી બ્રહમાણી વિદ્યાલય, મું. તા. વડગામ, જી.બનાસકાંઠા વાળાને હુકમ કરવામાં આવે છે કે, અરજદાર ના સ્કુલ લિવીંગ સર્ટીફીકેટ માં **ક્રમ નં. ૧ વિદ્યીર્થીનું પુરૂ નામ :– રાવળ જિગરભાઈ અમૃતભાઈ તેઓના રેકર્ડ માં જરૂરી સુધારો કરવા હુકમ કરવામાં આવે છે તથા પ્રિન્સીપાલશ્રી, શ્રી બ્રહમાણી વિદ્યાલય, મું.તા. વડગામ, જી.બનાસકાંઠા નાઓએ તે મુજબ શાળા છોડયાનું પ્રમાણપત્ર કાઢી આપવું.**

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ. વડગામ
તા. ૨૮/૦૪/૨૦૨૬

**( ચંદ્ર શેખર શર્મા)**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
વડગામ
જજ કોડ નં.જીજે. ૦૧૫૬૨